ગણદેવી પો.સ્ટે. નવસારીના ગુનાના વોન્ટેડ આરોપીને પકડી પાડતી, પુણા પોલીસ

સુરત શહેરના પુણા પો.સ્ટે. વિસ્તારમાં અપડત ગુનાઓ શોધી કાઢવા સારૂ પો. સબ. ઇન્સ વી.જે.ચાવડા તથા સ્ટાફનાં માણસો સાથે પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન સાથેના અ.પો.કો. મહાવીરસિંહ નરપતસિંહ બ.નં.૧૩૦ તથા અ.પો.કો. ગોકુળભાઇ કાનજીભાઇ બ.નં.૨૨૦૧ નાઓને બાતમીદાર મારફતે બાતમી હકીક્ત મળેલ કે "ગણદેવી પો.સ્ટે. થર્ડ-ગુ.ર.નં.૬૪૬/૨૦૧૯ પ્રોહિ. એક્ટ કલમ ૬૫,એ,ઇ,૮૧,૯૮(૨) મુજબ ગુનાનો વોન્ટેડ આરોપી નામે ભગીરથ ઉર્ફે રાજુ ઉર્ફે ચોટલો મહેશભાઇ પંડ્યા નામનો આરોપી પુણાગામ પીર ફળીયા સામે ઉભો છે. જેણે શરીરે સ્કાય બ્લ્યુ કલરનું શર્ટ તથા આસમાની કલરનુ જીન્સ પેન્ટ પહેરેલ છે." વિગેરે બાતમી હકીકત મળતા સાથેના સ્ટાફના માણસો તથા પંચોના માણસો સાથે વોચ તપાસમા રહેતા ઉપરોક્ત વર્ણનવાળો આરોપી ત્યાં મળી આવતા તેનુ નામ પુછતા ભગીરથ ઉર્ફે રાજુ ઉર્ફે ચોટલો મહેશભાઇ પંડ્યા રહે. પ્લોટ નં.૧૧૭, કૃષ્ણનગર, પુણાગામ, સુરત. મુળ ગામ મોટા લીલીયા, તા.સાવરકુંડ્લા, જી,અમરેલીનો હોવાનુ જણાવેલ જેની પુછપરછ કરી તપાસ કરતા મજકુર આરોપી ગણદેવી પો.સ્ટે. થર્ડ-ગુ.ર.નં-૬૪૬/૨૦૧૯ તા.૧૬/૯/૨૦૧૯ પ્રોહિ. એક્ટ કલમ ૬૫,એ,ઇ,૮૧,૯૮(૨) મુજબના કામનો વોન્ટેડ આરોપી હોય અને હાલ સુધી નાસ્તો ફરતો હોય, જેથી મજકુર આરોપીને પકડી પાડી, ઉપરોક્ત વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

ડીટેક્ટ કરેલ ગુનો–ગણદેવી પોલીસ સ્ટેશન નવસારીના થર્ડ ગુ.ર.નં-૬૪૬/૨૦૧૯ તા.૧૬/૯/૨૦૧૯ પ્રોહિ.એક્ટ કલમ ૬૫,એ,ઇ,૮૧,૯૮(૨) મુજબના વોન્ટેડ આરોપીને પકડી ગુન્હો ડીટેક્ટ કરેલ છે.